રેગ્યુલર દરખાસ્ત નંબર:–પર/ર૦રપ

આંક–૧ નીચે હુકમ:–

આજરોજ પોકારતા દરખાસ્તદાર હાજર નથી. દરખાસ્તદાર તરફે વિ. વ. શ્રી. સી. કે. બારોટ હાજર છે. આ કામે દરખાસ્તનું રેકર્ડ ઘ્યાને લેવામાં આવે તો દરખાસ્તદાર ઘ્વારા એમ. એ. સી. પી.ના કામે થયેલ હુકમનામા મુજબની રકમ વસુલ મેળવવા સારૂ હાલની દરખાસ્ત તા.ર૦/૧૧/ર૦ર૬ ના રોજ દાખલ કરેલ છે. જેમાં આ કામના હુકમનામા દેણદારને નોટીસ બજી ગયા બાદ રકમ વસુલ મેળવવા સારૂ દિવાની કાર્યરીતી અધિનિયમ હુકમ:– ર૧ નિયમ ૩૦ મુજબ વોરંટ કાઢવામાં આવેલ હતું . જે વોરંટ તા. ૧૦/૦૬/ર૦ર૬ ના રોજ તથા તા. ૩૦/૦૬/ર૦ર૬ ના રોજનું કાઢવામાં આવેલ હોવા છતાં આ વોરંટમાં કરવામાં આવેલ શેરો ઘ્યાને લેવામાં આવે તો દરખાસ્તદાર કે તેઓના કોઈ પ્રતિનિધિ હાલના વોરંટની અમલદારી કરી કોઈ રકમ વસુલ મેળવવા સારૂ હાજર રહેલ ન હોવાના કારણસર આ વોરંટ પરત આવેલ છે. ત્યારે આ કામે દરખાસ્તદારને રકમ વસુલ મેળવવા સારૂ જંગમ વોરંટ આપેલ હોવા છતાં બજવણી સારૂ હાજર રહેતા ન હોય, ત્યારે હાલની દરખાસ્તની કાર્યવાહીમાં તેઓને રકમ વસુલ મેળવવામાં કોઈ રસ હોય તેમ જણાઈ આવતું નથી. ત્યારે તેઓની ગેરહાજરીના કારણસર હાલની દરખાસ્ત ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૩૦/૦૬/ર૦ર૬

( સુનિલ મનહરભાઈ કામદાર)
એમ. એ. સી. ટી. ( ઓકઝી)
અરવલ્લી– મોડાસા.
જી જે. ૦૦૯૮૪